## વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
## નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી.

# વિજ્ઞપ્તિ

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, અત્રેની કચેરી ખાતે શ્રીમતી ગજીબેન મંગાભાઈ હળપતિ, રોજમદાર પાણીવાળી તરીકે છેલ્લા ૨૫(પચ્ચીસ) વર્ષથી સેવા બજાવે છે. ગત ચોમાસામાં અત્રેની કચેરી ખાતે આકસ્મિક રીતે પગ સ્લીપ થતાં પડી જવાથી તેમના જમણા પગમાં ઈજા થયેલ, સદર બાબતે ડૉકટરના અભિપ્રાય મુજબ તેઓનું લાયન્સ ઓર્થોપેડીક હોસ્પિટલ ખાતે ઓપરેશન કરી સળીયા મુકવામાં આવેલ છે તથા હજી સાત–આઠ મહિના કામ પર આવી શકાય એવી પરિસ્થિતિમાં નથી. સદર રોજમદારની આર્થિક સ્થિતિ ઘણીજ નબળી છે, તેમજ તેઓ પોતે વિધવા હોઈ બીજો કોઈ સહારો કે આશરો નથી. તેમજ હાલમાં તેઓ આર્થિક રીતે ઘણીજ મુશ્કેલી વેઠી રહયા હોય તેઓને નાણાંકીય સહાયની તાતી જરૂરીયાત છે. જે બાબતને ધ્યાનમાં લઈ આપના વિભાગ/એકમમાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓને સ્વૈચ્છિક રીતે નાણાંકીય આર્થિક સહાયમાં પોતાનું યોગદાન આપવા પ્રેરણાસ્ત્રોત પુરો પાડી મદદરૂપ થવા નમ્ર વિનંતી છે.

વધુમાં આપના વિભાગ/એકમની સહાયના એકત્રિત થયેલ નાણાં અંગેની યાદી બાબતે અત્રેની કચેરીના પ્રો. બી.સી.નાયક, માહિતી અધિકારીને કચેરીના ટેલીફોન નંબરઃ૦૨૬૩૭–૨૮૨૭૦૬ઉપર જાણ કરવા વિનંતી છે કે, જેથી એકત્રિત થયેલ નાણાં મેળવી લેવાની જરૂરી વ્યવસ્થા કરવામાં સરળતા રહે.

આપના સહકારની અપેક્ષા સહ,

**(એચ.જે. દેરાશ્રી)**
**વિસ્તરણ શિક્ષણ નિયામક,**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**નવસારી.**

<u>નકલ સવિનય રવાનાઃ</u>– નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ /સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા યોગ્ય થવા સારું.